# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૧ • તા.૧૯ થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# અચલગચ્છ સંઘમાં 100 સંઘોના સહભાગે અદ્વિતીય રથયાત્રાના ચઢાવા બન્યા ઐતિહાસિક!





Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માણસ માત્રમાં ઈચ્છાઓ-અપેક્ષાઓ ભરેલી છે

માણસ માત્રમાં ઈચ્છાઓ અને અપેક્ષાઓ ઠાંસોઠાંસ ભરેલી છે. આ કામનાઓ જેના લીધે તેનામાં સુખ વૃતિ પોષાય છે. દરેકનું જીવન ઈચ્છાઓનો ગુલદસ્તો છે. આ કંઈ એકલ દોકલ ઈચ્છાઓ નહીં પણ અઢળક કામનાઓ, અધૂરી અપેક્ષાઓ અને અન્ય પાસે રાખેલી વાંછનાઓ માણસને જીવતો રાખે છે. આજે નહીં તો કાલે આ અપેક્ષાઓ પૂર્ણ થશે એ તાકમાં ને તાકમાં માનવી જીવે છે. શ્વાસ લે છે. તદ્દન સામાન્ય ઈચ્છાથી લઈને અપેક્ષા બહારની ઈચ્છાઓ માનવીના મન-મગજમાં જીવે છે અને એના સહારે તે પોતે જીવે છે. આ અધૂરી અપેક્ષાઓને પૂરી કરવા માણસ સતત દોડતો, ભાગતો રહે છે. જો કોઈ ઈચ્છા જ ન હોય તો આ જીવન શુષ્ક થઈ જાય અને માનવી નિષ્ક્રીય બનીને એદીનો પીર બનીને સુષુપ્ત થઈ જાય. આમ ઈચ્છાઓ આપણને સમૃદ્ધ બનવા પ્રેરે છે, તો ઈચ્છાઓ ખરાબ પ્રવૃત્તિ ભણી પણ દોરે છે.

ઈચ્છાપૂર્તિ થવાની ભાવનાથી માણસ ચેતનવંત રહે છે, કાર્યશીલ અને ઉધમી થાય છે. અત્યંત સામાન્ય વર્ગનો માનવી સમૃદ્ધિ શમણાં સેવતો જીવે છે. સુખની પાસે લટકતાં ગાજરની લાલચે દોડતો પ્રાણી હડિયાપટ્ટી કાઢે એવો તાલ એનો હોય છે. પોતાની જીવન કક્ષા ઊંચે આવે એવી અપેક્ષા સામાન્ય વર્ગના માનવી તો શું સમૃદ્ધવાન વ્યક્તિ પણ વધુને વધુ સમૃદ્ધિ ઝંખતો હોય છે. આ બધી અપેક્ષા ઈચ્છાઓના અભરખાને લીધે જ ઈચ્છાઓ અનંત છે. નાની હોય કે મોટી ઈચ્છાઓ માણસને સતત દોડતો રાખે છે. ઈચ્છાઓની પૂર્તિ થાય કે ન થાય પણ માણસ ઈચ્છાઓથી સદંતર મુક્ત જીવનના અંત સુધી થઈ શકતો નથી. આમ ઈચ્છાઓનો ભરડો માનવીની ઈર્દગિર્દ વીંટળાયેલો રહે છે. નાગચૂડની જેમ તેનો ભરડો જકડેલો હોય છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ અનંત છે. જેમ સમુદ્રમાં આવતી લહેરો ગણાય નહીં એમ અપેક્ષા, ઉમ્મીદની ગણતરી ક્યારે પૂરી ના થાય. જેમ સાગરની તરંગ એક કિનારે પહોંચે તેની પાછળ પાછળ બીજી લાગો પાઠ આવી જાય. આ સિલસિલો સળંગ રહે છે. એની ગણતરી કોઈનાથી ન થાય અને ગણતરી કરે તો ક્યારે પૂર્ણાહૂતિ ન પામે એ તો અવિરત ચાલ્યા કરે.

ઈચ્છાઓનું મૂળ ક્યાં છે? એ કોઈનાથી શોધી શકાયું નથી. તે ક્યાંથી જન્મે છે અને ક્યાં વિરમે છે, એનો પણ તાગ મળતો નથી. જેમ રડતા નાના બાળકને તેની માતા પંપાળી શાંત કરવા મથે. તે ભૂખ્યો હોય તો તેની સુધા તૃપ્ત કરે કે અન્ય રીતે તેના રડવાનું પ્રયોજન શોધી તેને છાનો પાડે છે. એવું જ અતૃપ્ત મનનું છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ કામનાઓનો અગ્નિ ભડભડતો હોય છે. કેમય કરીને એ શાંત ન થયો હોય, ઈચ્છાઓની અતૃપ્તિ તેને નિરાશ કરે છે. તેમ તેમ સમય જતાં એ વલખા મારી મારી જીવતો રહે છે. સતત ઈચ્છાપૂર્તિ માટે તનતોડ પ્રયાસ કરે છે. ઈચ્છાઓની તૃપ્તિ એના જીવનમાં વધુ સાહસ, વધુ શ્રમ કરવા પ્રેરે છે. નજીવી જેવી સફળતા મળે તો તેનાથી પ્રબળ ઝંખનાઓ જગાવી મહત્વાકાંક્ષા વધારી લક્ષ્ય ભણી દોટ મૂકે છે. સફળતાનો સ્વાદ તેને પ્રગતિશીલ બનાવે છે. આમ ઈચ્છાઓ, અપેક્ષાઓને લીધે જીવનને ગતિ પ્રગતિ મળે છે.

-જય જ્ઞાતિમૈયા

# નિષ્ફળતા એ જ સફળતાની ચાવી છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

નાનો બાળક જેમ જેમ પોતાની આયુ મહિનાની ગણત્રી વટાવી વર્ષની ગણત્રીમાં પ્રવેશે એટલે એક વર્ષ પછી તે ઘૂંટણથી ઘસડતો થાય, ત્યારબાદ પોતાના પગે ચાલવાનો પ્રયાસ કરે ત્યારે વારે ઘડીએ પડે તે છતાંય તે ક્યારે પ્રયત્ન છોડતો નથી. હિંમત હારતો નથી અને વારે વારે પડવા છતાં પ્રયત્ન કરી ઊભો થઈ ફરી ચાલવા લાગે છે. તેની સંભાળ રાખનાર તેનો હાથ પકડે, આંગળી આપે, આધાર આપે પણ ચાલવું તો તેને જ છે. પ્રયત્નો તેના જ કારગત નીવડવાના છે. આવતી કાલે ચાલશે તે પછીના દિવસે તે દોડવા લાગશે. આમ પ્રયત્ન જ તેને પરિપૂર્ણ બનાવશે.

એવી જ રીતે પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી હાર નથી માનતો બીજીવાર પરીક્ષા આપે છે ત્યારે તેનાથી પણ વધારે સારું પરિણામ પ્રાપ્ત કરે છે. અગાઉ શાળામાં કવિ દલપતરામ લિખિત કવિતા શીખવાતી 'કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય, વણ તૂટે તાંતણે ઉપર ચડતો જાય.' છેલ્લે કવિતાના અંતમાં બોધપ્રદ કડી છે કે 'એ રીતે જો માણસો, રાખી મનમાં ખંત, આળસ ત્યજી મેનત કરે પામે લાભ અનંત' જીવનના વ્યવહારમાં અભ્યાસમાં, વ્યાપારમાં, પરિવાર સંબંધમાં, સમયાંતરે ચડાવ ઉતાર આવવાના જ. ઘર હોય, શાળા કોલેજ હોય કે ઓફિસ ક્યારેક સમય એવો આવે કે નિષ્ફળ જઈએ. સામે મારગ પર ઘોર અંધકાર ઘેરાયેલો ભાસે. પણ સમયને સમજી, મક્કમ મનોબળ, આત્મ સાદથી જ નવેસરથી પ્રયત્ન સાથે પરિશ્રમ કરવાથી પુનઃ સફળતાનો શિખર જડે છે.

હાર માનીને હતાશ થવાથી મંઝિલ પહોંચાતું નથી. જિંદગીમાં ઘણી બધી મુશ્કેલીઓ સામે લડાઈ લડવાની છે. માણસ સતત પ્રયત્નથી શું હાંસિલ ન કરી શકે. જરૂર તો છે સખત પરિશ્રમ, સાનુકુળ સમય અને હિંમત આ ત્રણેના ત્રિવેણી સંગમથી નિષ્ફળ માણસ પણ સફળતા મેળવી શિખર આરોહણ કરે છે. નિષ્ફળતા જ હકીકતમાં સફળતાનો મારગ કંડારી આપે છે. નિષ્ફળતા મેળવાથી વ્યક્તિ હર હંમેશા હારી ગયાના હાયકારા કરે છે. પણ આ નિષ્ફળતામાંથી બોધપાઠ ગ્રહણ કરી ને જ સફળતાના કેટકેટલાય દરવાજા ખોલી શકાય છે. એકવાર નિષ્ફળતાનો સ્વાદ ચાખનાર વ્યક્તિ સાહસપૂર્વક ઝનૂન ભેર પ્રયત્નો આદરે છે. ત્યારે ભલભલાને પાછળ મૂકી સફળતાના સોપાન ચડી જાય છે.

એકવાર હાર ખાધી બીજી વારને ભલે ત્રીજી વાર પારોઠના પગલા થયા પણ સફળતા હાંસલ કરવી છે એ ધ્યેય રાખવાથી, સફળ થશું જ એવો આત્મવિશ્વાસ આપણામાં જાગશે એ પછી જ સફળતાની સીડી ચડી શકીશું. સફળતાની ટોચ ઢૂંકડી થવા પછી જ મનમાં આપણને સાચો આનંદ અને યોગ્ય નિર્ણય લીધો એનો અહેસાસ થશે એ અવર્ણનીય હશે. નિષ્ફળતામાંથી જ ખરેખર આપણને ઘણું બધું શીખવા મળે છે અને આ શીખવાના બોધ પાઠ પરથી જ મોકો અને તક મળી રહે છે. માટે નિષ્ફળતામાંથી સફળતાની ચાવી જડે છે. એટલો આત્મવિશ્વાસ ધરાવવો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અચલગચ્છ સંઘમાં ૧૦૦ સંઘોના સહભાગે અદ્વિતીય રથયાત્રાના ચઢાવા બન્યા ઐતિહાસિક!



રવિવાર, તા.૩ સપ્ટેમ્બરના આયોજીત થનાર અને જૈનોની એકતા માટે બેમિસાલ બની રહેનાર પરમાત્માની અદ્‌ભૂત, અલૌકિક, અદ્વિતીય રથયાત્રાની તૈયારીઓ સંઘ પ્રમુખ દીપક મુલચંદ ગોસરના નેતૃત્વ અને રથયાત્રાના મુખ્ય સંયોજક જયેશ ભાગચંદ જૈનની અંગત નીગરાનીમાં, સહ સંયોજકો અને ટીમના સથવારે ખૂબ સુંદર રીતે ચાલી રહી છે.

પર્યુષણ પર્વના ટાંકણે રવિવાર તા.૧૩ સપ્ટેમ્બરના ચાતુર્માસાર્થે બિરાજીત ગણીવર્ય પ.પૂ.ઉદયરત્નસાગર મ.સા.ની નિશ્રામાં આયોજીત શ્રી સિમંધર સ્વામી મહાપૂજા દરમ્યાન પ્રખર પ્રવચનકાર યુવા મુનિરાજ પ.પૂ.ગુણવલ્લભ સાગરજી મ.સા.ના માર્ગદર્શન અને એના મહત્વને અનુરૂપ સચોટ સમજણપૂર્વક વિભિન્ન ૬ ઊછામણીઓ, બહારગામથી પધારેલા મહેમાનો, સંઘોના અધિકારીઓ, ટ્રસ્ટીઓ, ગુરૂભક્તો સહિત સકળશ્રી સંઘની બહોળી ઉપસ્થિતિમાં પ્રસિદ્ધ સંગીતકાર વિપુલ છેડા અને સાથીઓની જોરદાર ભક્તિમાં ભીજાઈ. YouTubeના માધ્યમે હજારો ભાવિકોની ઈન ડાયરેક્ટ ઉપસ્થિતિએ ખૂબ ઉછરંગે. ચઢતા ભાવે થઈ અને પ્રાયઃ અચલગચ્છના ઈતિહાસમાં ૧૦૦ સંઘોના સહભાગે પ્રથમવાર યોજાઈ રહેલ અદ્વિતીય ઐતિહાસિક રથયાત્રાના પૂર્વે જ જાણે ઈતિહાસ રચી દીધો. આ અવસરે સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ હતી.

મુલુંડમાં પ્રથમવાર ઐતિહાસિક રથયાત્રા યોજાઈ રહી છે જેનો મુલુંડ ઉપરાંત વિવિધ સંઘોમાં અદ્‌ભૂત પૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેની તૈયારીઓમાં દરેક સંઘોએ આદરી દીધાં છે. પર્યુષણ પર્વ ચાલતા હોવાથી સાધુ સાધ્વીજી ભગવંતો દ્વારા તેનો ભરપૂર અને વિસ્તૃત પ્રચાર પણ થઈ રહ્યો છે. અને આ રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાય અને જૈન સમાજમાં સૌને એકતાના દર્શન થાય એવો આ પાછળનો ભાવ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

પર્યુષણ મહાપર્વ પ્રસંગે ઠેર ઠેર દેશ દેશાવર માં વિવિધ નગર સંઘ મહાજનો માં અદ્ભૂત તપસ્યાઓ થઈ છે. જે ખરેખર અનુમોદનીય છે. અમારી પાસે આવેલ વ્યક્તિગત તેમજ વિવિધ મહાજનો સંઘ દ્વારા મળેલ તપસ્વીઓની યાદી માં ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની નામાવલી અને ૯ ઉપવાસ કે તેથી ઉપર કરેલ તપસ્વીઓના ફોટા અત્રે પ્રગટ કર્યા છે. દરેક ધર્મ આરાધનાઓ કરેલ તપસ્વીઓની સમસ્ત મહાજન ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને દરેક તપસ્વીઓ તપ આરાધના કરી ધર્મ ભાવ શિખર આરોહણ ઉન્નત કરેલ છે. આ ભાવ કાયમ પ્રર્વતક રહે એજ ઈચ્છીએ.

परस्परोपग्रहो जीवानाम्



મહેશ લાપસીયા
(દલતુંગી-મુલુંડ વે)
ઉવસાગરમ તપ



ક્રિયા લાપસીયા
(દલતુંગી-મુલુંડ વે)
ઉવસાગરમ તપ



હિના અનિલ નાગડા
(જખૌ-ગોરેગાવ)
સિદ્ધિ તપ

परस्परोपग्रहो जीवानाम्



હાર્દિક મુલચંદ મૈશેરી
(મોટી સિંધોડી-ડોંબિવલી)
સિદ્ધિ તપ



કમલેશ ખુશાલચંદ પોલડીયા
(બાયઠ-પાચોરા)
સિદ્ધિ તપ



દિવ્યા દીપ નાગડા
(લુણી-શિરપુર)
સિદ્ધિ તપ



શિલ્પા શૈલેશ દૌલત
(સુથરી-ગુજરાત)
અક્ષય નિધિ તપ



રશ્મી ચેતન મૈશેરી
(મોટી સિંધોડી-મુલુંડ)
૪૫ ઉપવાસ



મહેન્દ્ર મુલજી ગોસર
(બાયઠ-થાણા)
૩૮ ઉપવાસ



શોભના અશોક નાગડા
(રંગપુર-નવી મુંબઈ)
માસખમણ ૩૨ ઉપવાસ



વિશાલ હરીશ ધરમશી
(સેવક ભરૂડીયા-ડોંબિવલી)
૩૧ ઉપવાસ



ધારિણી સુરેશ શાહ
(ગોધરા-ડોંબિવલી)
૩૦ ઉપવાસ



નિકુંજ કાર્તિક દંડ
(સુથરી-મુલુંડ વે)
૩૦ ઉપવાસ

## ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

## મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં અઠાઈ તપની આરાધના કરનાર તપસ્વીઓની નામાવલી

| | |
|---|---|
| હિતેશ વિજય પોલડીયા | (ડુમરા-ડોંબિવલી (ઈ) |
| શૌનક તુરેશ દંડ | (સુથરી-ડોંબિવલી (ઈ) |
| યુવરાજ પોલડીયા | (ગોરસમા-ડોંબિવલી (ઈ) |
| સંગીતા રમેશ નાગડા | (રંગપુર-ડોંબિવલી) |
| વિધિ નરેશ છેડા | (નલિયા-શહાડ) |
| બરખા સંજય દંડ | (સેવક ભરૂડીયા-ડોંબિવલી) |
| વૈશાલી સચિન લોડાયા | (સુથરી-ડોંબિવલી (ઈ) |
| વિધી મણીલાલ મોમાયા | (વરાડીયા-મુલુંડ) |
| યશ મણીલાલ મોમાયા | (વરાડીયા-મુલુંડ) |
| અવની ધરમશી | (નલિયા-દેવલાલી) |
| વિપુલા મુકેશ ધરમશી | (નલિયા-દેવલાલી) |
| એકતા રાહુલ લોડાયા | (મોટી ખાવડી-ડોંબિવલી) |
| ધિરેન એચ.ખોના | (જખૌ-ઘાટકોપર (ઈ) |
| સિધ્ધાર્થ ખોના | (કોઠારા-વાપી) |
| મિનાક્ષી કિરીટ ડાઘા | (વરાડીયા-મુલુંડ) |
| મીના સંજય મૈશેરી | (ગોધરા-વર્ધમાન નગર,ભુજ) |
| ભક્તિ મિતેશ દંડ | (વરાડીયા-વસઈ) |
| જીગર કિશોર શિયાલ | (જખૌ-ડોંબિવલી) |
| રાહુલ લાપસીયા | (રંગપુર-ઘાટકોપપ) |
| ઉમંગ વિમલેશ માલદે | (સેવક ભરૂડીયા-જામનગર) |
| પ્રગ્નેશ હિરાચંદ નાગડા | (નલિયા-ડોંબિવલી) |
| શીતલ પ્રગ્નેશ નાગડા | (નલિયા-ડોંબિવલી) |
| મોક્ષ કલ્પેશ દંડ | (લાલા-ડોંબિવલી) |
| લહેરચંદ વિશનજી સોની | (જખૌ-ડોંબિવલી) |
| કલ્પના ધનપતી લોડાયા | (નલિયા-મુલુંડ) |
| જીગ્નેશ કુંવરજી મોતા | (રાપર ગઢવારી-મુલુંડ) |
| ભાવી કેતન મૈશેરી | (લાલા-કાંજુરમાર્ગ) |
| ભારતી ગૌતમ દંડ | (વરાડીયા-મુલુંડ (ઈ) |
| ચંદન વિરચંદ મોતા | (લાખણિયા-મુંબઈ) |
| જ્યોતિ બી. મુનવર | (જખૌ-બેલ્લારી) |
| હીના આર. મુનવર | (જખૌ-બેલ્લારી) |
| મીતા પરેશ શીયાલ | (દલતુંગી-ડોંબિવલી) |
| વિજય ઉમરશી મોમાયા | (વરાડિયા-મુલુંડ ઈ) |
| વીર કેતન મૈશેરી | (લાલા-કાંજુરમાર્ગ) |
| દીપા શાહ (છેડા) | (નલિયા-તલેગાવ પુણે) |
| ચંદન વિરચંદ મોતા | (લાખાણીયા-મુંબઈ( |
| ફ્રેયા અમીશ ખોના | (સુથરી-ભાંડુપ) |
| જીલ કલ્પેશ શાહ (વિકમશી) | (સુથરી-ડોંબિવલી) |
| મિતાલી જનક નાગડા | (તેરા-નાંદેડ) |
| મીના દિનેશ લાપસીયા | (દલતુંગી-ડોંબિવલી) |
| એકતા વિરેન્દ્ર પોલડીયા | (ડુમરા-વસઈ) |
| પ્રિન્સ કિર્તી લોડાયા | (મોટી ખાવડી-મુલુંડ વે) |
| હેતવી પ્રજ્ઞેશ નાગડા | (લાલા-કરાડ) |
| રિતેશ રાજેન્દ્ર ધરમશી | (સેવક ભરૂડીયા-નવી મુંબઈ) |
| ધિરજ અજય દંડ | (તેરા-ચિંચવડ પુણે) |
| ભાવિક અનિક મોમાયા | (સાંયરા-મુલુંડ) |
| પંકજ ખીમજી ગોસર | (બાયઠ-ભાંડુપ) |
| સુશીલા પ્રદિપ નાગડા | (નલિયા-ડોંબિવલી ઈ) |
| સાચી અશોક લોડાયા | (ધ્રાફા હાલાર-મુલુંડ) |
| શ્રેયા ખોના | (જખૌ-મુલુંડ) |
| નિમેશ મહેન્દ્ર લોડાયા | (તેરા-ડોંબિવલી) |
| હેમાંગ જયેશ માલદે | (દલતુંગી-મુલુંડ વે) |
| ચિત્રલેખા પદમ લોડાયા | (વરાડિયા-ડોંબિવલી) |
| આર્યન નિલય મોતા | (તેરા-મુલુંડ) |
| હર્ષ અજય શિયાલ | (જખૌ-ડોંબિવલી) |
| રોશની સંતોષ મોમાયા | (વરાડિયા-ડોંબિવલી) |
| અંજના કલ્પેશ લોડાયા | (તેરા-મુલુંડ ઈસ્ટ) |

# નલિયા તીર્થે ભાવ સ્વપ્ન દર્શન ચડાવાના લાભાર્થી પરિવારો

મોક્ષ/બારી ઉઘાડવાનું ધૃત લાભાર્થી : દેરાસરના બધા કર્મચારીઓ ઠા.મનોરમાબેન નરેશ મોમાયા, ૮૫૦૧ મણ

**સ્વપ્નના ઝૂલાવવાની ઉછામણી:**

- ગજરાજને ઝૂલાવાનું ધૃત ભૂમીરાજ કન્સ્ટ્રકસન હા. ભાવનાબેન મોતા, ૫૦૦૧ મણ
- વૃષભને ઝૂલાવાનું ધૃત વિનય પ્રતાપ ખોના, ૬૦૦૧ મણ
- કેસરી સિંહને ઝૂલાવાનું ધૃત માતુશ્રી જયાબેન જવેરચંદ લોડાયા, ૬૦૦૧ મણ
- શ્રી લક્ષ્મી દેવીને ઝૂલાવાનું ધૃત તારાબેન લહેરચંદ શીવજી નાગડા, ૧૬૦૦૧ મણ
- ફૂલની માળાને ઝૂલાવાનું ધૃત મયુરભાઈ જેઠાભાઈ લોડાયા, ૭૫૦૧ મણ
- ચંદ્રને ઝૂલાવાનું ધૃત અઠ્ઠમ તપથી વધુ તપ કરનાર તપસ્વીઓ હા.મનોરમાબેન નરેશ મોમાયા, ૭૦૦૧ મણ
- સૂર્યને ઝૂલાવાનું ધૃત માતુશ્રી ગુણવંતી પ્રતાપસિહ પદમશી હા. મનોજભાઈ લોડાયા, ૭૫૦૧ મણ
- ધર્મની ધ્વજાને ઝૂલાવાનું ધૃત લક્ષ્મીબેન લહેરચંદ નાગડા, ૭૦૦૧ મણ
- રૂપાનો કળશને ઝૂલાવાનું ધૃત મધુરીબેન હીરાચંદ શાહ (મૈશેરી), ૭૦૦૧ મણ
- પદ્મ સરોવરને ઝૂલાવાનું ધૃત ભૂમીરાજ કન્સ્ટ્રકશન હા.ભાવનાબેન મોતા, ૭૦૦૧ મણ
- રત્નાકર વહાણને ઝૂલાવાનું ધૃત તારાબેન લહેરચંદ શીવજી નાગડા, ૨૧૫૫૧ મણ
- દેવ વિમાનને ઝૂલાવાનું ધૃત મહાવીર જૈન ફ્રેન્ડસ ગ્રુપ નલિયા, ૬૦૦૧ મણ
- રત્નની રાશીને ઝૂલાવાનું ધૃત ઉર્મીલાબેન અમૃતલાલ મહેતા, ૬૧૬૧ મણ
- અગ્નિશિલાને ઝૂલાવાનું ધૃત નરેન્દ્ર જીવરાજ મોમાયા અને મયુર જેઠાભાઈ લોડાયા, ૭૦૦૧ મણ
- ઉપગરણાને ઝૂલાવાનું ધૃત અમૃતલાલ ખેતશી મહેતા, ૫૦૧ મણ
- વિર ભગવાનનું પાકણું ઝૂલાવાનું ધૃત મનોરમાબેન નરેશ મોમાયા, ૨૫૦૧ મણ

કુલ ૧૨૮૨૨૭ મણ

**સ્વપ્ના પધરાવવાની ઉછામણી :**

- ગજરાજને પધરાવવાનું ધૃત ચીમનલાલ હીરજી ખોના, ૫૬૫૬ મણ
- વૃષભને પધરાવવાનું ધૃત આદીનાથ ટ્રેડીંગ હા.ભરત નરેન્દ્ર મોમાયા, ૬૦૦૧ મણ
- કેસરી સિંહને પધરાવવાનું ધૃત ચીમનલાલ હીરજી ખોના, ૬૫૦૧ મણ
- શ્રી લક્ષ્મી દેવીને પધરાવવાનું ધૃત કુ.ધીયા, ભવ્યા લોડાયા હા.મીનાબેન નરેન્દ્ર લોડાયા, ૨૫૧૧૧ મણ
- ફૂલની માળાને પધરાવવાનું ધૃત શ્રીમતી હંસાબેન દ્દિનેશ નાગડા, ૬૬૬૬ મણ
- ચંદ્રને પધરાવવાનું ધૃત મોતીચંદ લાલજી ખોના, ૭૭૭૭ મણ
- સૂર્યને પધરાવવાનું ધૃત પદમશી ઘેલાભાઈ મોતા, ૭૦૦૧ મણ
- ધર્મની ધ્વજાને પધરાવવાનું ધૃત તિર્થ એજન્સ હા.ભરત નરેન્દ્ર મોમાયા, ૮૭૦૧ મણ
- કળશને પધરાવવાનું ધૃત મયુરભાઈ જેઠાભાઈ લોડાયા, ૭૦૦૧ મણ
- પદ્મ સરોવરને પધરાવવાનું ધૃત ચીમનલાલ હીરજી ખોના, ૭૦૦૧ મણ
- રત્નાકર વહાણને પધરાવવાનું ધૃત એક્ટીવ ઓટો મોબાઈલ હા. સાગર લોડાયા, ૨૫૧૧૧ મણ
- દેવ વિમાનને પધરાવવાનું ધૃત પદમશી ઘેલાભાઈ મોતા, ૫૦૦૧ મણ
- રત્નની રાશીને પધરાવવાનું ધૃત પદમશી ઘેલાભાઈ મોતા, ૬૧૬૧ મણ
- અગ્નિશિલાને પધરાવવાનું ધૃત નરેન્દ્ર જીવરાજ મોમાયા અને મયુર જેઠાભાઈ લોડાયા, ૭૦૦૧ મણ

પધરાવવાના-૧૩૦૬૯૦ મણ, ઝુલાવવાના-૧૨૫૨૨૫ મણ, ઉપગરણા-૫૦૧ મણ, પારણું-૨૫૦૧ મણ = કુલ્લ ૨૫૮૯૧૭ મણ.

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર આલી, સન ઇન્ટરપ્રાઇસની સામે, થાણે (વે)-૪૦૦ ૬૦૧.

# શ્રી જખૌ શતકોત્તર અમૃત મહોત્સવ
## તા. ૨૩-૧૨-૨૦૨૩ થી તા. ૨૫-૧૨-૨૦૨૩

**શ્રી જખૌ શતકોત્તર અમૃત મહોત્સવમાં તા. ૨૨-૧૨-૨૦૨૩ ના જખૌ પહોંચવા માટે તા. ૨૧-૧૨-૨૦૨૩ ની મુસાફરી માટે ટ્રેન ટિકિટોની બુકીંગ તા. ૨૩-૮-૨૦૨૩ ના સવારે ૮.૦૦ વાગ્યે ખુલશે.**

**Shri Jakhau Shatkottar Amrut Mahotsav**
**To reach Jakhau on 22nd December, 2023**
**Booking of Train Tickets for travel on 21st December, 2023**
**will open on 23rd August, 2023 at 8.00 am**



-: નિમંત્રક:-

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ અને**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ વતી,**
**શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ**

# ચાલીસગામ સંઘમાં કલ્પસૂત્ર પધરાવવાનો લાભ લાભાર્થી પરિવારે લીધો





તા.૧૬ ઓગસ્ટ બુધવારના દિને ખાનદેન પ્રાંતના ચાલીસ ગામ નગર સંઘમાં પ.પૂ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો ચઢાવાનો લાભ લેનાર લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા ચાલીસગામ વિદ્યાવિહાર હતા.

---



# નાંદેડ સંઘમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની સોમવારીય આરાધના થઈ

મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા પ્રાંતના શ્રી નાંદેડ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં તા.૧૪ ઓગસ્ટ સોમવારના દિને પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીની સોમવારીય આરાધના ભાવ ભક્તિ સહ થઈ.

---

# ભરતભાઈ રામજી નાગડાને વડોદરામાં બેસ્ટ ફુડ એન્ડ એક્સલેન્ટ એન્વાયરમેન્ટ કોમ્પિટિશનમાં એવોર્ડ મળ્યો




મૂળ નલિયા હાલે વડોદરના ભરતભાઈ રામજી નાગડાએ શૂન્યમાંથી સર્જન કરી નાની એવી ખાદ્ય આઈટમ કચ્છી દાબેલીને માત્ર વડોદરા પૂરતી જ નહીં પણ દેશ વિદેશમાં વાનગી તરીકે ચટકો લગાવી વિશેષ વાનગી તરીકે નામના અપાવવા બદલ ૧૫ ઓગસ્ટ મંગળવાર રોજે રોટરી ક્લબ ઓફ બરોડા-(ઈન્ટરનેશનલ) તરફથી બેસ્ટ ફુડ એન્ડ એક્સલેન્ટ એન્વાર્યમેન્ટ કોમ્પિટિશનમાં ભાઈ ભાઈ દાબેલી પાણી ગેટવાળા અને ભાઈ ભાઈ ફાસ્ટ ફૂડ અકોટા માટે પુત્ર જય ભરતભાઈ નાગડા સાથે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષોનો સંઘર્ષ અને સ્વાશ્રય કરી વતનની લોકપ્રિય વાનગીઓ સર્વત્ર સ્વાદ પ્રસરાવનાર જ્ઞાતિના ભરતભાઈ રામજી નાગડા અને જય નાગડાને અભિનંદન સાથે વધામણી આપીએ.

|| શ્રી મહાવીરાય નમઃ ||

|| શ્રી સુવિધિનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.
મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ ડી. જીવાણી, ૨૦૨, શ્રીજી વિલા, સ્ટેશન રોડ, લોહાર આલી, સન ઈન્ટરપ્રાઈસની સામે, થાને (વે)-૪૦૦ ૬૦૧.

**આવ્યા આવ્યા રે... જખૌ રત્નટુંક તીર્થના જિનાલયમાં**
**શતકોત્તર અમૃત મહોત્સવ આવ્યા રે...**

# આગોતરૂ આમંત્રણ

: દિવ્યઆશિષ :
રાષ્ટ્રસંત-ભારતદિવાકર
શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ. જૈનાચાર્ય
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

: દિવ્યઆશિષ :
સમગ્ર અચલગચ્છના સર્વોચ્ચપદે બિરાજમાન
તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

: આશિષ કૃપા :
સાહિત્ય દિવાકર
રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

સરળ સ્વભાવી, જખૌરત્ન, ૨૩ વર્ષીતપના આરાધક
પ.પૂ. આ.ભ.
**શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

દિવ્યઆશિષ : જ્યોતિષાચાર્ય
પ.પૂ. આ.ભ.
**શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

આગમાભ્યાસી
પ.પૂ. આ.ભ.
**શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

વિધિકાર : નવકાર મંત્ર અને ૨૭ વરસી તપના આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ, મેઘ, જય, કવચન અને સંગીતકાર સહ**

## ૧૭૫ વર્ષ પ્રાચીન અબડાસામાં કચ્છની મોટી પંચતીર્થી નું
## ૧૦ ટુંક વાળું એકમાત્ર જખૌ રત્નટુંક જિનાલય

**Shatkottar Amrut Mahotsav**
Saturday to Monday
Dt. 23-24-25 December
2023

મંગળકારી નિશ્રા **પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**
આદિઠાણા
**પ.પૂ. સા. શ્રી મહોદયશ્રીજી મ.સા.** આદિઠાણા તથા
કચ્છમાં વિચરતા પ.પૂ. સાધુ તથા સાધ્વીજી મહાત્માઓને વિનંતી કરેલ છે.
પોતાની અનુકૂળતાએ પધારી શુભ નિશ્રા પ્રદાન કરશે.

**શતકોત્તર અમૃત મહોત્સવ**
શનિવાર થી સોમવાર
તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર
૨૦૨૩



-: નિમંત્રક:-

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ
## ટ્રસ્ટીગણ, અધિકારીગણ અને કારોબારી સભ્યો

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર મધે જૈન શાસન તિરંગા થીમ સાથે સ્વતંત્રતા પર્વ ઉજવાયો



અબડાસા પંથકના લાલા નગરે શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર મધે શ્રી લાલા મહાજન ટ્રસ્ટ દ્વારા તા.૧૫ ઓગસ્ટ મંગળવાર રાષ્ટ્રીય આઝાદી પર્વની ૭૬મી વર્ષગાંઠ અને પર્યુષણ મહાપર્વના દ્વિતીય દિવસે જૈન શાસન તિરંગા થીમ રાખી ઉત્સાહભેર ઉજવણી કરાઈ. શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર જિનશાસન ધ્વજને લહેરાવી રાષ્ટ્રીય ધ્વજની પ્રમાણે સલામી આપી હતી. ત્રિરંગી રાષ્ટ્રીય ધ્વજની રંગોળી કરી જૈનમ જયંતિ શાસનમના નારા સાથે ગગન ગજાવ્યું હતું.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## યવતમાલ સંઘમાં લાભાર્થી પરિવારએ કલ્પસૂત્ર પધરાવવોનો લાભ લીધો





બુધવાર, તા.૧૬ ઓગસ્ટના રોજ શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલમાં કલ્પસૂત્ર પધરાવવાનો ચઢાવ લેનાર લાભાર્થી પરિવાર વીરચંદ જેઠાભાઈ મૈશેરી હસ્તે વિમલભાઈ વીરચંદ મૈશેરી પરિવારે લીધેલ.

## શ્રી લાલા નગરે કલ્પસૂત્ર પોથીની રથયાત્રા ઉત્સાહ ભાવ સાથે નીકળી





કચ્છ વિભાગના અબડાસા પ્રદેશના લાલા નગરના શ્રી ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટના ઉપક્રમે બુધવાર, તા.૧૬ ઓગસ્ટ શ્રાવણ વદ અમાવસ્યા રોજે કલ્પસૂત્ર પોથીની રથયાત્રા ભવ્ય ઉત્સાહ સાથે નીકળી. પોથી પધરાવવાનો લાભ લાભાર્થી માતુશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી પરિવારએ લીધો હતો.






# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

HOME LOAN *7.99% (p.a.)

2 WHEELER LOAN *7.99% (p.a.)

CAR LOAN *7.99% (p.a.)

PRE OWNED CAR LOAN *9.49% (p.a.)

eAUTO LOAN *7.99% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.)

PRE OWNED CV LOAN *9.99% (p.a.)

EDUCATION LOAN *8.49% (p.a.)

TRADE LOAN *8.49% (p.a.)

LOAN AGAINST PROPERTY *9.49% (p.a.)

MORTGAGE LOAN *7.99% (p.a.)

COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.)

LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.)

GOLD LOAN *7.99% (p.a.)

MACHINES LOAN *8.49% (p.a.)

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385

Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656

## SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# ખામગામ નગરે વાજતે ગાજતે કલ્પસૂત્રના વરઘોડાનું આગમન લાભાર્થી પરિવારને નિવાસ સ્થાને થયું





બુલઢાણા જિલ્લાના ખામગામ નગર સંઘમાં પર્યુષણ પર્વના ત્રીજા દિવસ તા.૧૬ ઓગસ્ટ બુધવાર દિને પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના નિશ્રામાં કલ્પસૂત્રનો વરઘોડો શેઠશ્રી તેજપાલ નવલચંદ શાહ પરિવારના નિવાસ સ્થાને વાજતે ગાજતે આગમન થયું.

---

# વિવિધ સંઘોમાં સ્વપ્ન ઘૃતની ચડતા ભાવે ઉછામણીઓ થઈ

કેડીઓ જૈન મહાજનમાં વિવિધ નગર સંઘોમાં પર્યુષણ મહાપર્વની તપશ્ચર્યા સાથે ઉત્સાહ ઉમંગ સાથે ધર્મ જય જયકાર સાથે આરાધનાઓ થઈ રહી છે. સ્વપ્ન ઘૃતની ચડતા ભાવે ઉછામણીઓ વિવિધ સંઘોમાં થઈ છે. જે નીચે મુજબ છે.

જશાપર : ૭૦૭૫૫ મણ, ગદગ તીર્થ : ૨,૪૦,૦૦૦ મણ, વડોદરા : ૩,૧૧,૩૩૯ મણ, બેંગલોર : ૨,૮૨,૫૦૧ મણ, હુબલી : ૧૦,૩૨,૦૦૦ મણ, મોટી ખાવડી : ૩,૦૧,૩૧૯ મણ, વારાપધર : ૫૮,૩૭૯ મણ, ભાંડુપ : ૪,૫૨,૩૭૮ મણ, નલિયા તીર્થ : ૨,૫૫,૯૧૫ મણ, જલગાંવ : ૧,૫૩,૦૦૦ મણ, બાંડીયા : ૯૯,૦૯૦ મણ, કાંજુરમાર્ગ – ૧,૪૮,૪૯૬ મણ, કોઠારા તીર્થ : ૧૨૩૨૪૫ મણ, માંડવી : ૧,૧૪,૯૫૭ મણ, દલતુંગી : રૂા.૧,૭૬,૧૯૮, શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી : ૭,૬૯,૬૮૩ મણ, રાયપુર : ૨,૪૭,૦૦૦ મણ, મોટી ખાવડી : ૩૦૩૭૨૧ મણ, વરાડીયા : ૮૩,૪૫૧ મણ, કોઈમ્બતુર : ૪,૦૬,૬૫૬ મણ, સાંધવ નગર : ૩૨૪૬૬૩ મણ, પરજાઉ : ૩૫૯૩૦ મણ, દેવલાલી : રૂા.૧૦,૭૫,૦૦૦, શાલી ભદ્રની પેટી : રૂા.૩૬૧૩૬.


**હાલારી ઢોલી**







**આપને ત્યાં શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી**

**સલીમભાઈ : 9324796076**
**આફીદભાઈ : 9619748525**

રૂમ નં.૩૭, શિવપ્રસાદ બિલ્ડીંગ, પાંચમા માળે, શિવાજી નગર, ચેકનાકા, વાગ્લે એસ્ટેટ, થાણા.

# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસરના શતકોતર અમૃત મહોત્સવનો આગોતરૂં આમંત્રણ

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન જખૌ, શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોતર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ તથા શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટના આયોજન હેઠળ તા.૨૩ ડિસેમ્બર શનિવારથી તા.૨૫ ડિસેમ્બર માગસર સુદ ૧૨ થી માગસર સુદ ૧૪ દરમ્યાન શ્રી જખૌ શતકોતર મહોત્સવની ભવ્ય અને ભાતીગણ ઉજવણીનું નક્કી કરાયેલ છે. શુક્રવાર, તા.૨૨ ડિસેમ્બરના જખૌ સ્થાનિકે પહોંચવા માટે તા.૨૧ ડિસેમ્બર ગુરૂવાર મુસાફરી માટે ટ્રેન ટિકીટોની બુકીંગ વિન્ડો તા.૨૩ ઓગસ્ટ બુધવારના સવારના ૮ વાગે ખુલશે. આગોતરી તૈયારીઓ માટે અને સરળતાપૂર્વક સુવિધાજનક રીતે યાત્રા પ્રવાસ આવવા જવાનો નિર્ધારીત થાય આ માટે અગાઉથી સૂચિત કરવાની ફરજ સમજી છે.

૧૭૫ વર્ષ પ્રાચીન અબડાસામાં કચ્છની મોટી પંચતીર્થીનું ૧૦ ટૂંકવાળું એકમાત્ર જખૌ જિનાલય છે. મહોત્સવમાં મંગલકારી નિશ્રા પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., આદિઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા તથા કચ્છમાં વિચરતા પ.પૂ.સાધુ તથા સાધ્વીજીઓને વિનંતી કરેલ છે. પોતાની અનુકુળતા એ પધારી શુભ નિશ્રા પ્રદાન કરશે. વિધિકાર નવકાર ૨૦ વરસી તપના આરાધક નંદુ, મેઘ, જય, કવયન અને સંગીતકાર સંગાથે.

# તિરૂપુર સંઘમાં લાભાર્થી પરિવાર કલ્પસૂત્ર વહોરાવાનો લાભ લીધો

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં લાભાર્થી હંસરાજ વેરશી નાગડા પરિવારે કલ્પસૂત્ર વહોરવાનો લાભ લીધો હતો.

# કાંજુરમાર્ગ સંઘમાં કલ્પસૂત્ર પોથીનો શાનદાર વરઘોડો ભવ્યતાથી નીકળ્યો











શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કલ્પસૂત્ર પોથી પધરાવવાનો લાભ માતુશ્રી પુરબાઈ ખીમજી રતાણી પરિવાર તેરા હાલ કાંજુરમાર્ગવાળા આયુષ્યના ૧૦૧મા જન્મદિવસ નિમિત્તે લીધેલ હતો. ઉત્સાહ ભાવ સાથે શાનદાર પોથીયાત્રાનો વરઘોડો નીકળેલ. લાભાર્થી પરિવાર તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ હતી.



# કચ્છ માંડવીના શ્રી અજિતનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વ નિમિત્તે ભાવપૂર્વક દરરોજ ભવ્ય રીતે આંગી દર્શન



કચ્છ પ્રદેશના બંદરીય શહેર માંડવી નગર સંઘમાં શ્રી અજિતનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વના પ્રથમ દિવસ તા.૧૪ ઓગસ્ટ સોમવારના દિવસથી શ્રી અજિતનાથ દાદાની ભક્તિ અને ભાવપૂર્વક આંગી રચના કરી સુશોભન શણગાર સાથે દર્શનનો લાભ ભાવિકજનો પામી ધન્યતા અનુભવે છે. પ્રથમ દિને સોમવાર કેસરિયા રંગી વસ્ત્ર, રાષ્ટ્રીય પર્વ દિને મંગળવાર તા.૧૫ ઓગસ્ટ રોજે કેસરી, લીલા, દ્વિરંગથી અને તૃતીય દિવસે બુધવારે, મોરપીચ્છ રંગમાં જ ઝગમગતા જવેરાત નંગ જડેલા વસ્ત્રો સાથે જ્યારે પર્વના ચતુર્થ દિવસે તા.૧૭ ઓગસ્ટ ગુરૂવારના ગુલાબી રંગના વસ્ત્રો સાથે જરી કામની ભાત સાથે અને પાંચમાં દિવસે શુક્રવાર તા.૧૮ ઓગસ્ટના બ્લુ કલરમાં લાલ ભાતથી શણગાર કરી આંગી સજાવટ કરાઈ હતી. શનિવાર તા.૧૯ ઓગસ્ટના જાંબુડી કલર અને રવિવાર તા.૨૦ ઓગસ્ટના ગુલાબી કલરથી શણગાર કરી આંગીની સજાવટ કરાઈ હતી.



# તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધીનાથ જૈન દેરાસરમાં ૧૮ અભિષેક મહાપૂજનની ધર્મ આરાધનાઓ થઈ

દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં ૧૮ અભિષેક મહાપૂજનનું આયોજન રવિવાર, તા.૧૪ ઓગસ્ટના કરાયું. હૈદ્રાબાદથી કાર્તિક ગિરીશ લોડાયા અને શશાંક કમલેશ દંડ ધર્મ આરાધના વિધિ કરાવેલ હતી. મોટી સંખ્યામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભાવિકજનો સહભાગી થઈ ધર્મલાભ પામી ધન્ય ધન્ય થયાં હતા. શ્રી સંઘ તરફથી પ્રભાવના કરેલ.

## ઔરંગાબાદ નગર સંઘમાં કલ્પસૂત્ર પધરાવવાનો લાભ લાભાર્થી પરિવારે લીધો

તા.૧૬ ઓગસ્ટ ૨૦૨૩ બુધવારના દિને અચલગચ્છ કચ્છી જૈન સંઘ ઔરંગાબાદમાં શ્રી કલ્પસૂત્ર પધરાવવાનું લાભ લાભાર્થી પરિવાર શાંતિલાલ લોડાયા પરિવાર એ લીધો હતો.





## ચાલીસગામ સંઘમાં શ્રી કલ્પસૂત્ર વહોરાવનાર લાભાર્થી પરિવાર





તા.૧૭ ઓગસ્ટ ગુરૂવારના ખાનદેશ વિભાગના ચાલીસગામ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં શ્રી કલ્પસૂત્ર વોરાવનાર લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર કોઠારા હાલે ચાલીસગામ.

## તિરૂપુર સંઘમાં પર્યુષણ પર્વ નિમિત્તે દૈનિક એકાસણા આરાધના થઈ રહી છે





દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગર સંઘના સુવિધિનાથ મંદિરે તા.૧૪ ઓગસ્ટ સોમવારથી પર્યુષણ પર્વની આરાધનાઓ ભવ્ય રીતે થઈ રહી છે. રોજે રોજે એકાસણાની આરાધના કરાઈ રહી છે. તા.૧૮ ઓગસ્ટના લાભાર્થી પરિવાર હંસરાજ વેરશી નાગડા રહ્યાં હતાં.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હીરાચંદભાઈ ખોના**
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૮૯)
વાંકુ-મુંબઈ




**નિર્મલાબેન મોમાયા**
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૭૭)
સાંયરા-નવી મુંબઈ



**ઝવેરચંદ નાગડા**
તા.૧૭ ઓગસ્ટ (ઉ.૮૨)
જખૌ-મુંબઈ



**હેમલતાબેન મોમાયા**
તા.૧૭ ઓગસ્ટ (ઉ.૭૯)
સુથરી-અમેરીકા



**વસંતભાઈ લોડાયા**
તા.૧૭ ઓગસ્ટ (ઉ.૬૨)
બાયઠ-મુંબઈ



**મુલચંદભાઈ મૈશેરી**
તા.૧૯ ઓગસ્ટ (ઉ.૭૮)
મોટી સિંધોડી-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ રામપરના હીરજીભાઈ વાલજી હીરાણીની લંડનમાં કિંગ્સ બરી ખાતે ફ્રૂટ એન્ડ વેજીટેબલની મોટી દુકાનમાં કચ્છની કેસર કેરી ખરીદવા પ્રતિદિન લાઈનો લાગે છે. ત્રણ ચાર કલાકમાં ૧૪ હજાર કિલો ફટાફટ ઉપડી જાય છે. ગ્રાહકની નસ નાડ જાણતલ અનુભવી વેપારી કઈ ઋતુમાં કયુ ફળ કે શાકભાજી સ્વાદિષ્ટ રસદાર હોય તેના જાણકાર છે. પોતે ધારે તો વિશ્વના જુદાજુદા દેશમાંથી ખરીદી કરી શકે છે. છતાં માદરે વતન કચ્છના ખેડૂત આગળ આવે, સારા ભાવ મેળવતો થાય એ કારણોસર વતનની માટીની મીઠાશ લંડનના ભાણામાં પીરસે છે. રસ, સુગંધ અને ટકાઉ પણામાં કચ્છની કેસરી કેરી અગ્રિમ છે તેથી જ તેની અત્રે બહોળી માંગ છે. કચ્છમાં ૭૦ થી ૮૦ રૂપિયે કિલો વેચાતી કેરી બ્રિટનમાં એક નંગ ૭૦ થી ૮૦ રૂપિયામાં વેંચાય છે.

● ગિવ વાચા ફાઉન્ડેશન, કૃપ મ્યૂઝિક તથા ઈઝી આઈડી દ્વારા સંચાલિત કૃપ મ્યુઝિક થેરાપી એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા અંજાર ખાતે કચ્છના લોકો માટે મ્યૂઝિક થેરાપી ફોર બેલેન્સ્ડ લાઈફની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા મ્યૂઝિક થેરાપી પર આધારિત સંશોધનો તેમજ સારવાર થઈ રહી છે. ત્યારે વિશ્વ સંગીત દિવસ નિમિત્તે કચ્છમાં સૌ પ્રથમવાર શિબિરનું આયોજન થયું હતું. શાળાના આચાર્યો, શિક્ષકો તેમજ વિવિધ શહેરોમાંથી ૫૦ થી પણ વધુ લોકો જોડાયા હતા. મ્યૂઝિક થેરાપિસ્ટ ડૉ.કૃપેશ ઠક્કરએ જીવનમાં સંતુલન જાળવવા મ્યૂઝિક થેરાપીના ઉપયોગ પર વક્તવ્ય આપ્યું હતું. બાળ કલાકાર વાચા ઠક્કર અને ડૉ.પૂજા ઠક્કર સાથે મળીને સાંગીતિક પ્રયોગો રજૂ કર્યા હતા. ડૉ.પૂજાએ સંગીતની સ્વાસ્થ્ય પર થતી અસરો વિશે સમજણ આપી હતી. માસિક ચક્ર, મેનોપોઝ અને પ્રેગનેસી જેવી મહિલાલક્ષી સમસ્યાઓમાં મ્યૂઝિક થેરાપીના ઉપયોગથી રાહત મેળવવા માર્ગદર્શન આપ્યું હતું. ઉપસ્થિતોએ તેમના પ્રશ્નો અને સમસ્યાઓ અંગે સમાધાન મેળવ્યું હતું.

● જિલ્લાના ટ્રક વ્યવસાયમાં મિની રતનાલ ગણાતું નખત્રાણા તાલુકાનું દેવપર (યક્ષ) ગામનો ટ્રક વ્યવસાય હાથી પાળવા જેવા બની ગયો છે. ૩૫૦થી વધુ ટ્રકો ધરાવતું અને ટ્રાન્સપોર્ટનગરીના હુલામણા નામે ઓળખાતું દેવપર (યક્ષ)નો ટ્રક વ્યવસાય આજે લડખડાતી ચાલે ચાલે છે. ૧૯૮૫થી ૨૦૦૫ સુધી અત્રે ટ્રક વ્યવસાય ધમધમતુ હતું. ગાડી લેવાની હરિફાઈએ સમયે થતી હતી. પાનધ્રો ખાણ બંધ થતાં સમગ્ર પશ્ચિમ કચ્છના ટ્રક વ્યવસાયને ગ્રહણ લાગી ગયું. ટ્રક આધારિત વર્કશોપ, મોટર ગેરેજ, બોડી કેબિન રિપાવરિંગ, વેલ્ડિંગ વર્કસ ટાયરની દુકાનો પંક્ચરની દુકાનો સ્પેરપાર્ટની દુકાનો તેમજ ચાની હોટલોની ભરમાર હતી. ત્યાં આજે કાગડા ઊડે છે.

● પૂર્વ કચ્છ આર.ટી.ઓ. વિભાગ માટે અલાયદો કોડ જી જે ૩૯ માટે રાજ્ય સરકારે સતાવાર રીતે પરિપત્ર જારી કર્યો હતો. આ જાહેરાતને પગલે પૂર્વ કચ્છના છેવાડાના વિસ્તારોના અરજદારોને અંજારમાં કાર્યરત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વાહન વ્યવહાર સંલગ્ન કામગિરી શક્ય બનશે અને ભુજના ધક્કામાંથી રાહત મળશે. લાયસન્સ, નામ ટ્રાન્સફર, પરમિટ, ઈ–ચલણ, ફિટનેસ સહિતના વાહન વ્યવહાર સંલગ્ન તમામ કામગિરી હવે અંજારની પૂર્વ કચ્છ આર. ટી.ઓ.થી શક્ય બનશે. ટેસ્ટિંગ ટ્રેક ચાલુ કરવા માટે સેન્સર જેવા અટકેલા પ્રશ્નોનું નિરાકરણ જલદી કરાશે. બોડી વોર્ન કેમેરા અને સીસીટીવી કેમેરા જેવા સાધનોના મદદથી પરીક્ષા શક્ય બનશે.

● નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ ભુજ ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચ દ્વારા કચ્છમાં અભ્યાસ કરતાં પ્રજ્ઞા ચક્ષુ બાળકો માટે તેમજ તમામ પ્રજ્ઞા ચક્ષુભાઈ બહેનો માટે ડિજિટલ લાયબ્રેરીનો પ્રારંભ કરાયો છે.

● માંડવીના અઢી વર્ષીય બાળક મૌર્ય પારસભાઈ સંઘવીએ તાલમાં ઢોલક વગાડીને સંગીત ક્ષેત્રે રેકોર્ડ નોંધાવીને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડમાં પોતાની સિધ્ધિ દર્જ કરાવી છે. મૌર્યને સંગીત વારસો તેની માતા હર્ષિદાબેન જે પોતે સંગીતમાં વિશારદ છે તેના પાસેથી મળ્યો છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA